જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૧૧/૨૦૧૭ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૩૩૬/૧૭

## ઇગ્લીંશ દારૂની બોટલ નંગ ૨૮૮ મળી કુલ રૂ.૬,૪૪,૦૦૦/- ના મુદ્દામાલ બે ઇસમોને ઝડપી પાડતી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથામદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી.ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાંથી દારૂની અસામાજીક પ્રવુતિ નેસ્તનાબુદ કરવા માટે આપેલ સુચના મુજબ એસ.ઓ.જી.ના પોસઇ શ્રી વી.એચ.જાડેજા તથા પોસઇ શ્રી બી.ડી.ભટ્ટ તથા માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો.વિક્રમસિંહ જીલુભા તથા પોકો.દશરથભાઇ નાગજીભાઇ નાઓએ આપેલ બાતમી હકીકત આધારે અમદાવાદ શહેરનિકોલ કઠવાડા રોડ આવેલ અમ્રપર્ણ ફ્લેટના પાર્કિંગમાંથી આરોપીઓ (૧) સકુરખાન તાજુખાન સુમરા ઉવ૨૨ ધંધોઃ ડ્રાઇવીંગ રહે, ગામ:મારુવાડા તા.રાણીવાડા જી.જાલોર રાજસ્થાન તથા (૨) રાજુ રામપુકાર રાજપુત ઉવ૩૫ ધંધોઃમજુરી રહે, મ.નં.૭૭૫/૫૪૫૪, ત્રણ માળીયાં ગાયત્રી મંદિરની બાજુમાં, બાપુનગર, અમદાવાદ નાઓને ઉપરોકત જગ્યાએથી બોલેરો પીકઅપ ગાડી સાથે ઝડપી લેવામાં આવેલ જેઓની પાસેથી પાર્ટી સ્પેશયલ ડીલક્ષ વ્હીસ્કી ની ૭૫૦ એમ.એલ. ની બોટલ નંગ ૨૫૨ જેની કિ.રુ.૧,૨૬,૦૦૦/- તથા રોયલ આર્મ્સ રીયલ વ્હીસ્કીની ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ ૩૬ જેની કિ.રુ.૧૮,૦૦૦/- તથા રોકડ નાણા રૂ.૩૦૦/- તથા એક બોલેરો પીકઅપ ગાડી કિ.રૂ.૫,૦૦,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૬,૪૪,૦૦૦/- નો મુદ્દામાલ મળી આવતાં ઉપરોકત આરોપીઓ વિરુધ્ધ પ્રોહીબીશન એક્ટ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે અને આરોપીઓ આ ઇગ્લીંશ દારૂ ક્યાંથી ભરાવેલ છે અને કોને આપવાનો હતો તે બાબતે આગળની વધું તપાસ એસઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

**વેજલપુર પોલીસ સ્ટેશન :-**

સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર ૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન ૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એમ" ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અસામાજીક પ્રવુતી અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અન્વયે પોલીસ ઈન્સ્પેકટર એ.વી.પટેલ તથા સ્ટાફના માણસોએ અત્રેના વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા તથા અમદાવાદ શહેર વિસ્તારમા ગૌવંશ તથા પશુઓની ગેરકાયદેશર રીતે હેરાફેરી કરી ગૌવંશનુ કતલ કરવાના ગુનાઓમા સંડોવાયેલ આરોપી સમીર ઉર્ફે બાબો ઉર્ફે કાલાબાબા સ/ઓ ઝહિરૂદ્દીન મોમીન ઉ.વ-૨૪, રહે-ઇ/૪, પરંમ્બા સોસાયટી, સોનલ સીનેમારોડ, જુહાપુરા, અમદાવાદ શહેર નાઓના વિરુધ્ધમા ગૌવંશ તથા પશુઓની હેરાફેરી કરી કતલ કરવા સંબંધી ગુનાઓ નોંધાયેલ હોય સદરી આરોપી વિરુધ્ધ પુરાવા એકત્ર કરી મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર સમક્ષ પાસા દરખાસ્ત સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ નં પીસીબી/ડીટીએન/પાસા/૮૭૬/૧૭ તા.૨૦/૧૧/૨૦૧૭ થી હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને આજરોજ તા.૨૮/૧૦/૨૦૧૭ ના કલાક ૨૦/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી "ખાસ જેલ,પાલારા,ભુજ" ખાતે પાસા અટકાયતી ને જરુરી જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરવામા આવેલ છે તા.૨૦/૧૧/૧૭

**શાહીબાગ પોલીસ સ્ટેશન :-**

મહે.પોલીસ કમીશ્નર સાહેબ શ્રી તથા મહે.સેકટર-૨ સાહેબ શ્રી તથા ના.પો.કમી.શ્રી ઝોન-૪ સાહેબ શ્રી તથા અધિક નાયબ પોલીસ કમીશ્નર શ્રી રાજેશ ગઢીયા સાહેબ તથા સિનિયર પોલીસ ઇન્સપેક્ટર એ.કે.પટેલ સાહેબ ની સુચના તથા માર્ગ દર્શન હેઠળ સર્વે સ્કોર્ડ ના પ્રો.પો.સબ.ઇન્સ આર.પી.ડાભી તથા સર્વે સ્કોર્ડ ના માણસો સાથે આગામી ચુંટણી અનુસંધાને આજરોજ તા.૨૦/૧૧/૨૦૧૭ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તાર ના વનરેબલ વિસ્તાર માં પેટ્રોલીંગ માં હતા દરમ્યાન કલાક ૨૦/૧૦ વાગે શાંતિપુરા મનુભાઇ ની ચાલી ગેટ નંબર ૧ પાસેથી એક તડીપાર થયેલ ઇસમ પુનમભાઇ મોહનભાઇ પટણી ઉ.વ.પર રહે-શાંતિપુરા મનુભાઇ ની ચાલી ગેટ નંબર ૧ ગીરધરનગર શાહીબાગ અમદાવાદ શહે નાનો મળી આવતા તેને પકડી લઈ તેની વિરુધ્ધ જીપીએક્ટ કલમ ૧૪૨ મુજ કાર્યવાહી કરવામાં આવેલ છે.

**નારોલ પોલીસ સ્ટેશન :**

## નારોલ પોલીસ સ્ટેશન

## અમદાવાદ શહેરનાં નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસ કંટ્રોલ રૂમને લુટનો મેસેજ અપનાર આરોપીની સઘન પુછ-પરછ દરમ્યાન ભાંગી પડી સાચી હકિકત નો પર્દાફાસ કરતી નારોલ પોલીસ

મે. પો.કમિ. શ્રી અમદાવાદ શહેર તથા અધિક પો.કમિ. શ્રી સેક્ટર-૨ ના.પો.કમિ.શ્રી ઝોન-૬ તથા અધિક ના.પો.કમિ.શ્રી ચિંતન તેરૈયા " કે" ડિવિઝન નાઓની મિલ્કત સબંધી ગુના શોધી કાઢવા તથા અટકાવવા બાબતની સુચના અન્વયે નારોલ પોલીસ સ્ટેશન ફસ્ટ. ગુ.ર.નં. ૧૯/૨૦૧૭ ઇ.પી.કો. કલમ-૪૦૮,૧૭૭ મુજબનાં ગુનાના કામે ફરીયાદી નિતેશભાઇ અશોકભાઇ જાતે ડાઘા ઉ.વ.૨૫ ધંધો વેપાર રહે. મ.નં.આઇ/૪૦૨ અભીલાષા એપાર્ટમેન્ટ ડી-માર્ટ પાસે સેટેલાઇટ અમદાવાદ શહેર ની અશોકપ્લાય એન્ડ લેમિનેટ નામની સરખેજ-ધોળકા રોડ ઉપર આવેલ પેઢીના ઉઘરાણી કારકુન તરીકે નોકરી કરતા સિધ્ધાર્થ શ્યામસુંદર પારીક રહે પુષ્કર હાઇટસ વટવા અમદાવાદ શહેર નાએ તા.૧૪/૦૬/૧૭ થી આ પેઢીમા સેલ્સમેન તરીકે રહી ફરીયાદીનો વિશ્વાસ કેળવી તા.૦૯/૧૧/૧૭ ના રોજ ફરી.નાં પિતાએ રાજસ્થાન ઉઘરાણી માટે મોકલેલ અને તા.૧૮/૧૧/૧૭ દરમ્યાનમાં રૂ. ૨,૨૮,૩૫૦/- ની રકમ રાજસ્થાન ખાતેથી ઉઘરાણી કરી તા. ૧૯/૧૧/૧૭ રોજ અમદાવાદ લઇ આવેલ અને આરોપીને માથે દેવુ થઇ જતા તેના લેણદારોને આપી દિઘેલ જે નાણા ફરીયાદીને પરત ન આપવા માટે પોતે મનોમન વિચારી ફરીયાદી થી બચવા સારૂ તા.૨૦/૧૧/૧૭ ના સવારના નોકરી પર જઇ રહેલ તે દરમ્યાન કલાક: ૧૦/૪૩ વાગ્યે નારોલ કોઝી હોટલ સામે બ્લેક કલરના પલ્સર ઉપર બે ઇસમો માથે હેલ્મેટ પેહરી આવી બાઇક ઉપર પડેલ બેગ નાણા સાથેની ઉઠાવી લઇ વિશાલા તરફ ભાગેલ છે. બાઇક નંબર જોયેલ નથી વિગેરે જેવો મેસેજ આરોપીએ તેનાં મો.નં- ૭૨૧૧૧૪૩૩૯૯ ઉપરથી પોલીસ કંટ્રોલ રૂમમાં કેસ નં.૧૦૩૯૨૭ કલાક ૧૧/૨૩ તા.૨૦/૧૧/૧૭ આપતા સદર જગ્યાનાં મેસેજ બાબતે મે. અધિક પો.કમિ.શ્રી સેકટર-૨ તથા ના.પો.કમિ.શ્રી ઝોન-૬ તથા અધિક ના.પો.કમિ.શ્રી 'કે' ડિવિઝન નાઓની સિધિ દોરવણી સુચના અને માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ. શ્રી નારોલ પો.સ્ટેશન તથા સ્ટાફના માણસોથી **આ ગંભીર પ્રકારના આપેલ મેસેજ આધારે મેસેજ કરનાર (આરોપી) ને વિશ્વાસમા લઇ સઘન પુછપરછ દરમ્યાન મેસેજ કરનાર (આરોપી) પડી ભાંગેલ અને પોતે ખોટો મેસેજ પોતાને દેવુ થઇ ગયેલ હોય પૈસા આપવા ન પડે તે સારૂ ૨,૨૦,૦૦૦/- રૂપીયાની લૂંટનો ખોટો મેસેજ આપી પોલીસને ગેરમાર્ગે દોરેલ હોય મેસેજ કરનાર વિરૂધ્ધ ઉપરોકત વિગતે ગુનો નોંધી કાયદેસર કરવામા આવેલ છે**

**<u>શહેરકોટડા પોલીસ સ્ટેશન :-</u>**

શહેરકોટડા પોલીસ સ્ટેશન તથા મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના શરીર સબંધી ગુનાઓમાં નાસતો ફરતો વોન્ટેડ આરોપીને પકડી પાડતી શહેરકોટડા પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

વિશેષ સંયુક્ત પોલીસ કમિ.શ્રી કે.એલ.એન.રાવ સાહેબશ્રીની સુચનાથી નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૩ રાહુલ ત્રિપાઠી સાહેબ તથા એ.સી.પી.શ્રી બળદેવ દેસાઈ સાહેબ તથા શહેરકોટડા પોલીસ સ્ટેશનના સિનીયર.પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી એસ.એમ.ચૌધરી સાહેબના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. એ.ડી.ચાવડા સાહેબ તથા સ્ટાફના અ.હે.કો વિજયકુમાર રાધેશ્યામ બ.નં.૩૪૧૫ તથા પો.કો. જયસુખભાઇ શામજીભાઇ નાઓને મળેલ ખાનગી બાતમી હકીકત આધારે શહેરકોટડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૪૪/૨૦૧૭ ઇ.પી.કો.કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ) તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા મેઘાણીનગર પો.સ્ટે. ફગુરનં-૭૩/૧૬ ઇપીકો ક્લમ ૧૪૩, ૧૪૭, ૪૩૫, ૪૨૭ મુજબના ગુનામાં નાસતો ફરતો આરોપી રવિ ઉર્ફે લલ્લો રાકેશસિંગ ભદોરીયા રહે, ભાર્ગવ રોડ બીબી તોમર સ્કુલની બાજુમા મેઘાણીનગર અમદાવાદ શહેર નાને તા:૨૦/૧૧/૧૭ ના કલાક ૧૧/૦૦ વાગે પકડી લઇ સદરીની પુછપરછ કરતા મેઘાણીનગર પો..સ્ટે.ના તથા શહેરકોટડા પો.સ્ટે.ના ગુનામા પણ નાસતો ફરતો હોવાનું જાણવા મળેલ છે. જેથી આગળની વધુ તપાસ અર્થે આરોપીને પો.સબ.ઇન્સ.શ્રી એમ.આઇ.ચૌધરી નાઓને પોલીસ સ્ટેશન સોંપવા તજવીજ કરેલ છે

<u>આરોપીનો પુર્વ ઇતિહાસ</u>

<u>(૧) આરોપી અગાઉ શહેરકોટડા પો.સ્ટે.માં શરીર સબંધી ગુન્હામાં પકડાયેલ છે.</u>

<u>(૨) આરોપી અગાઉ મેઘાણીનગર પો.સ્ટે.માં શરીર સબંધી ગુન્હામાં પકડાયેલ છે.</u>

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ






નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.